# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • સળંગ અંક : ૨૦૦ • તા.૦૯ થી ૧૫ એપ્રિલ ૨૦૨૨

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદનો સુવર્ણ વર્ષ સન્માનોત્સવ ભવ્યતાથી સંપન્ન




## અમદાવાદમાં વિવિધ લક્ષી કેડીઓ ભવન ઉભારવાનું બીજ રોપાયું

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# મન મર્કટ છે, એને કાબૂમાં રાખવું મુશ્કેલ છે

મનની અવસ્થા મર્કટ જેવી છે. જે ઘડી બે ઘડી જંપીને બેસતો નથી. ઘડીક અહીં, ઘડીક તંહી, વાંદરાની જેમ ઝાડની ડાળી ડાળી પર કૂદીને પોતાને પ્રવૃત્ત રાખે છે. મનુષ્યનું મન ત્રણ અવસ્થામાં રહે છે. સુષુપ્ત, સ્વપ્ન અને જાગૃત, માણસ ઊંઘ તો હોય કે જાગતો હોય વિચારોના અશ્વો હણહણાટી સાથે આગળ ધસતા હોય છે. જે મનોજંપ લેવા દેતા નથી. અંતર મનની આ અવસ્થા ઈચ્છા, કામના અને આકાંક્ષાની કામનાથી ધગધગતી હોય છે.

માણસ સૂતો હોય ત્યારે સ્વપ્ના જોતો હોય છે. પરંતુ ખુલ્લા આંખે પણ તે સ્વપ્ન ને જોતો રહે છે. દ્રષ્ટિ કંઈ જોતી હોય ને મન મર્કટ બની અન્યત્ર દોડતુ હોય. આ ચિત અવસ્થા સૂન ભરી કરી દે છે અને ત્યારે સાંભળવા મળે છે કે ચિતભ્રમમાં જીવે છે. સ્વપ્નમાં આવતા રૂપકડા લાગે છે. વિચારોના તરંગ બંધ થઈ જાય ત્યારે સ્વપ્નો પોતાની સૃષ્ટિને આગળ વધારે છે. મન સ્થિર નથી એ ચંચલ અને તરંગી છે. એક વિચારની પર અડગ રહેનાર નથી. ઘડીક અંહીયા અને ઘડીક ત્યાં એવી અવસ્થા ભોગવે છે.

જેમ સારા માણસોની નિષ્ક્રિતાથી દુષ્ટ તત્વોને મોકળું મેદાન મળે છે. ધર્મીઓની સુષુપ્તાથી અધર્મીઓ જાગૃત રહે છે. જે આખરે વિનાશકતાનો માહોલ સર્જે છે. સજાગતા અને સર્તકતાનો સજ્જનો રાખે તો દુર્જનો વિકસી શકતાં નથી. એટલે જ સારા માનવીઓ સમયસર જાગૃત થતા નથી એટલે ખરાબ માનીવઓ પોતાનો ઉપદ્રવ બે રોકટોક મચાવતા રહ તેછે. જે કાર્ય કરીએ તેનું વધુ મહત્વનું નથી મહત્વ તેનું છે કે આ શા માટે કરી રહ્યાં છીએ?

મનોવૈજ્ઞાનિક કહે છે કે સ્વપ્નએ વ્યક્તિની ઈચ્છાને સંતોષ આપતી માનસિક અવસ્થા છે. સહેલાઈથી મનને આત્મ સંતોષ, માનસિક સુખ મળે એટલે સ્વપ્ન જુએ છે. સપના સેવે છે. માણસનું મન પોતાનું જોવાને બદલે અન્યની જિંદગીમાં ડોકિયા કરે છે. અન્યની ચાલ, ચલગત, આચાર, વિચાર શું કરે છે, કેવી રીતે જીવે છે, એના સ્વજનો, પરિવારજનો મિત્રો સાથે કેવી રીતે રહે છે, વર્તે છે. એની આગળ વધવાની યોજના શું છે એ જાણવાનો સતત પ્રયત્ન તે કરતો રહે છે. મર્કટ જેમ એક ઝાડની ડાળી પર બેસી રહેતો નથી એમ મનનો મર્કટ એક જ વ્યક્તિના જીવનમાં ડોકિયું નથી કરતું, પણ આજુબાજુના સૌ, તેના સંપર્કમાં આવતા સૌના જીવનમાં સતત ડોકિયું કરી તેનું પગેરું રાખે છે. અને એ હિસાબે પોતાનો પ્લાન ઘડે છે. એ સૌથી પોતે આગળ રહે એવા ખ્યાલથી પોતાના કામના સોગઠા ગોઠવે છે.

માત્ર સપના જોતો મન જો એ સપના સિધ્ધ થાય એ માટે જહેમત કરે તો ઘણી બધી સિધ્ધિ હાંસલ કરી સફળતાના શિખર તરફ પોતાના કદમ રાખી શકે છે. અળવિતરું મન માત્રને માત્ર તર્કહીન વાતો ને ઝૂલે ઝૂલયા કરે તો શ્રમને લીધે થાકી જશે પણ રહેશો તો ઠેરનું ઠેર. આગળ વધવા આશા સાથે ઉમંગ. ઉત્સાહ અને સંયમનો સાથ હળે તોજ લક્ષ્ય પામવું સહેલુ થશે.

- જય જ્ઞાતિમૈયા

# ત્યાગની મહતા




નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

જેની પાસે કશું હોય નહીં અને તે મળે એની કોઈ કલ્પના કે એવી આશા દૂર સુધી ન હોય અને તેનો ઉપભોગ કરવાની ક્ષમતા, શક્તિને ચાહત પણ ન હોય એ વ્યક્તિ એમ કહે કે હું આ બધી વસ્તુઓનો ત્યાગ કરું છું. તો તેનો કશો અર્થ રહેતો નથી. આ તો એવું સાર્થક કરે છે કે નિવસ્ત્ર નહાય શું ને નિચોડે શું? જે કંઈ હાથમાં નથી જે કોઈ મળે એવી શક્યતા નથી તે ત્યાગનો નિયમ લે 'એનો શું અર્થ?' અંતકાળ સમય નજીક હોય અન્ન જળ આપ મેળે લેવાતા ન હોય અને અન્ન જળ ત્યાગનો નિયમ લો તેનો શું મતલબ? આ તો ખાટી દ્રાક્ષ છે કહેવા જેવી પરિસ્થિતિ છે. આવી જીવેષણાનો અર્થ ત્યાગ કે તપ નથી. આપણી પાસે હોય એનો ત્યાગ કરવો મોટી ઘટના છે. લાચારીથી કે કંઈક મજબૂરીથી ચીજ, વસ્તુ, શોખ કે વળગણનો લાચારીથી કે મજબૂરીથી નહીં પણ સામર્થ્યને શક્તિથી વસ્તુઓને છોડી દઈએ, ત્યાગ કરીએ એ તપ બરાબર છે. કેટલાક તો એવું જણાવે કે અમે શેનો ત્યાગ કરીએ, અમારી પાસ તો ત્યાગ કરવા લાયક કશું છે જ નહીં.

કકડીને ભૂખ લાગી હોય પાસે એક રોટલો હોય ને ખાવા માંડી એ ત્યાં કોઈ અજાણ્યો આવીને ખાવાનું માંગે એને એક રોટલામાંથી અડધો આપીએ એ ત્યાગ છે. બીજાને કાંઈક આપીને તેની આંતરડી ઠારીએ એ ત્યાગનો મહિમા અદકેરો છે. પોતાની પાસે શું છે, કેટલા પ્રમાણમાં છે? એમાંથી બીજાને કાંઈક આપ્યું. કોઈને ઉપયોગી થયા તેની અગયતા વધુ છે. જે દુઃખીઓના આંસુ લૂછી શકે છે. તન, મન અને ધનથી સેવા કરી શકે છે એવા મનથી મોટો વ્યક્તિ નિર્ધન હોય, કંગાળ હોય, પણ અન્યના દુઃખ પ્રત્યે કાળજી ફિકર રાખે તેને સહાય આપવા સદૈવ કાળજી ધરાવે એ માલદાર છે. ત્યાગ કરનારના મનમાં વિચારમાં રાગ કે અહંકાર કે ઉપકારની ભાવના સહેજે ન હોવી જોઈએ.

માત્ર એટલું વિચારવાનું છે કે પ્રભુએ આપણને શક્તિ સામર્થ્ય બક્ષયા કે આપણે આપણા સિવાય અન્યનો વિચાર કરી શક્યા. આટ આટલી કૃપા કરવા બદલ ભગવાનનો આભાર માનવો રહ્યો. કોઈ જ્ઞાનીએ કહ્યું છે કે 'જે મનુષ્ય સુંદર અને પ્રિય ભોગને મેળવીને પણ તેના તરફ પીઠ ફેરવી લે છે અને પોતાની પાસેના તમામ ભોગોનો પરિત્યાગ કરે છે તે સાચો ત્યાગી છે.'

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of '**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**'
(and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદનો સુવર્ણ વર્ષ સન્માનોત્સવ ભવ્યતાથી સંપન્ન :

## અમદાવાદમાં વિવિધ લક્ષી કેડીઓ ભવન ઉભારવાનું બીજ રોપાયું




સુવર્ણ વર્ષ સન્માનોત્સવ પ્રસંગે અમદાવાદ શહેરમાં પધારેલ શ્રી સમસ્ત મહાજન, મુંબઇ મહાજન, મહારાષ્ટ્ર એકમ,શ્રી સાંધવ મહાજન, શ્રી ભલારા દાદા ટ્રસ્ટ, શ્રી શાંતિ જિન જૈન જાગૃતિ ગ્રુપ તેમજ પશ્ચિમ એકમ ના ઉચ્ચપદાધિકારીઓ દ્વારા સંપૂર્ણ ટેકો આપવાની જાહેરાત કરાઈ.



શ્રી કેડીઓ મહાજન ના ઉદભવ ના ૫૦ વર્ષની ઉજવણી રૂપ શ્રી કેડીઓ મહાજન, અમદાવાદ દ્વારા પાયારૂપી તેમજ ભગીરથ કાર્યો તેમજ વિવિધ સામાજિક ક્ષેત્રે યોગદાન આપનાર સર્વે મહાનુભાવોના સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

અમદાવાદ મહાજન પ્રમુખશ્રી જીતેન્દ્રભાઈ ખોના દ્વારા સ્વાગત પ્રવચન થી સુવર્ણવર્ષ સન્માનોત્સવ કાર્યક્રમની શરૂઆત કર્યા બાદ અમદાવાદ મહાજનશ્રી ના માનદ મંત્રી રાજેશ ધરમશી દ્વારા અમદાવાદ



# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદનો સુવર્ણ વર્ષ સન્માનોત્સવ ભવ્યતાથી સંપન્ન : અમદાવાદમાં વિવિધ લક્ષી કેડીઓ ભવન ઉભારવાનું બીજ રોપાયું











કેડીઓ મહાજન માં ધર્મ આરાધના, વિવિધ વિકાસ લક્ષી કાર્ય, વિદ્યાર્થી ગૃહ તેમજ ગૃહ ઉદ્યોગ માટે એક ભવન હોવું જોઈએ એવી ભાવના વ્યક્ત કરવામાં આવી હતી.

હાજર સમગ્ર મહાનુભાવોએ પોતાના અભિપ્રાય આપ્યા હતા. એમાં સ્પષ્ટ વાત કહેતા જણાવ્યું કે અમદાવાદ શ્રી કેડીઓ મહાજન આપ આ શુભ કાર્યો માં આગળ વધો અમે સૌ આપના આ કાર્ય માં સંપૂર્ણ સાથ આપીશું અને જ્ઞાતિના અન્ય મહાનુભાવો ને પણ આ કાર્ય માં જોડાવવા વિનંતી કરીશું.




# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદનો સુવર્ણ વર્ષ સન્માનોત્સવ ભવ્યતાથી સંપન્ન : અમદાવાદમાં વિવિધ લક્ષી કેડીઓ ભવન ઉભારવાનું બીજ રોપાયું





આમ શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદના ૫૦ વર્ષ પૂર્ણ થતા ૫૦ વર્ષે સન્માનોત્સવ ૨૦૨૨ની ભવ્ય ઉજવણીમાં ભવિષ્યમાં વિવિધ પ્રવૃત્તિ લક્ષી કેડીઓ ભવનનું બીજ રોપાયું છે અને વિવિધ જ્ઞાતિ મહાનુભાવો, શ્રેષ્ઠીઓનું સહયોગ માટે સધિયારો મળ્યો છે એ આગામી સમય માટે સકારાત્મક પગલું થઈ રહેશે. એવી આશા છે.





**અમદાવાદ શ્રી કે.ડી.ઓ. 'જ્ઞાતિરત્ન'**

શ્રી બાબુભાઈ વીરમ લોડાયા
શ્રી વિરેન્દ્રભાઈ આસારીયા મૈશેરી
શ્રી ખીમજીભાઈ આણંદજી લોડાયા
શ્રી ઉમરશીભાઈ જેઠાભાઈ કુરુવા
શ્રી સોમચંદભાઈ ખીચશી છેડા

**અમદાવાદ શ્રી કે.ડી.ઓ. 'ગૌરવરત્ન'**

શ્રી વિરેન્દ્રભાઈ રાઘવજી લોડાયા
શ્રી કિશોરભાઈ મુલજી લાલકા
શ્રી મહેન્દ્રભાઈ દેવજી ખોના
શ્રી નરેન્દ્રભાઈ રાઘવજી લોડાયા
શ્રી ગુલાબભાઈ ધનજી દંડ
શ્રી નલિનભાઈ કેશવજી મોમાયા

**અમદાવાદ શ્રી કે.ડી.ઓ. 'ઓજસરત્ન'**

શ્રી મુળજીભાઈ નરશી લોડાયા
શ્રી પ્રતાપભાઈ નારણજી દંડ
શ્રી પદમશીભાઈ ચત્રભોજ ડાઘા

**અમદાવાદ શ્રી કે.ડી.ઓ. 'નારી શક્તિ'**

પન્નાબેન મોમાયા
નાયબ પોલીસ કમિશનરશ્રી, સુરત

ડૉ. શ્રીમતી નિશાબેન ચેતન નાગડા

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદનો સુવર્ણ વર્ષ સન્માનોત્સવ ભવ્યતાથી સંપન્ન : અમદાવાદમાં વિવિધ લક્ષી કેડીઓ ભવન ઉભારવાનું બીજ રોપાયું




## સુવર્ણવર્ષ સન્માનોત્સવના મુખ્ય દાતા પરિવાર

શ્રી ગુલાબભાઇ ધનજી દંડ

શ્રીમતી શશીકલાબેન જીતેન્દ્ર ખોના

માતુશ્રી રાજબાઇ કેશવજી મોમાયા

માતુશ્રી લીલાવતીબેન ઉમરશી ભારાણી

શ્રીમતી માલાબેન પ્રફુલભાઇ ધરમશી

માતુશ્રી પુરબઇ કાનજી ધરમશી

શ્રી સુરેશભાઇ નરશી સોની

સી. નરશી રોડલાઇન્સ પરિવાર






## સુવર્ણવર્ષ સન્માનોત્સવના સહયોગી દાતાશ્રી

શ્રીમતી દમયંતીબેન દિલીપભાઇ દંડ
શ્રીમતી વિજયાબેન મહેન્દ્રભાઇ ખોના
શ્રી કે.ડી.ઓ. બોપલ ગ્રુપ

માતુશ્રી કલ્પનાબેન નીતિનભાઇ પાલાણી
શ્રીમતી ઉષાબેન નારણજી મૈશેરી
શ્રી જીગ્નેશભાઇ વીરેન્દ્રભાઇ મૈશેરી

શ્રી ચંદ્રકાંતભાઇ બાબુભાઇ લોડાયા
શ્રી જીતેન્દ્ર ઉમરશીભાઇ કુરુવા પરિવાર

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદનો સુવર્ણ વર્ષ સન્માનોત્સવ ભવ્યતાથી સંપન્ન : અમદાવાદમાં વિવિધ લક્ષી કેડીઓ ભવન ઉભારવાનું બીજ રોપાયું










## સુવર્ણવર્ષ સન્માનોત્સવના દાતાશ્રી

શ્રી પ્રદીપભાઈ વેલજી વોરા
શ્રી પ્રતાપભાઈ નારણજી દંડ
શ્રી લલિતભાઈ સોમચંદ ભાઈ છેડા
શ્રી દિલીપભાઈ પુનશી મૈશેરી
શ્રીમતી પુષ્પાબેન નરેન્દ્રભાઇ લોડાયા
માતુશ્રી રમીલાબેન શાંતિલાલ છેડા
માતુશ્રી તારાબેન પ્રવીણભાઈ લોડાયા
શ્રી સંજયભાઇ લક્ષ્મીચંદભાઇ મોતા
માતુશ્રી વિજયાબેન દેવજીભાઈ દોલત
માતુશ્રી સોનબાઇ ભાણજી મૈશેરી
શ્રી ગીરીશભાઇ લક્ષ્મીચંદભાઇ દંડ
શ્રીમતી ધનલક્ષ્મીબેન કુલીનભાઈ મહેશ્વરી
શ્રી ખુશેન્દ્રભાઇ ધનજી ધરમશી

શ્રી ચંદ્રકાંતભાઇ દામજી પોલડીયા
શ્રી ચેતનભાઈ દેવજીભાઈ પટેલ
માતુશ્રી મીનાબેન રાજેન્દ્રભાઈ વિકમશી
માતુશ્રી જમકુબેન રસિકલાલ ધરમશી
શ્રી દામજીભાઈ હીરજી છેડા
શ્રી તારાચંદભાઈ હેમરાજ મોતા
શ્રી મૂલચંદભાઈ લાલજી મોમાયા
શ્રીમતી લક્ષ્મીબેન મહેશકુમાર ખત્રી
શ્રી વાલજીભાઇ હીરજી છેડા
શ્રી અજયભાઈ જેઠાભાઈ છેડા
શ્રી નવીનભાઈ વીસનજી દંડ
શ્રીમતી નયનાબેન ચંદ્રકાંત મૈશેરી
શ્રીમતી સુશીલાબેન નિરંજનભાઈ મૈશેરી

શ્રીમતી મંજુલાબેન મહેન્દ્રભાઇ મોતા
મનીષ નવીનભાઈ મોતા
શ્રી પદમશીભાઈ ચત્રભોજ ડાઘા
માતુશ્રી કાંતાબેન ઠાકરશી લોડાયા
શ્રી વર્ધમાન દેવજી છેડા
શ્રી સુરેશભાઈ રતનશી સાયા
માતુશ્રી નવલબેન મધુકરભાઈ મોતા
માતુશ્રી મધુબેન તિલકચંદ લોડાયા
શ્રીમતી હર્ષાબેન વિપુલભાઈ મોમાયા
માતુશ્રી કસ્તુરીબેન ખેતશી શિયાળ
માતુશ્રી બાયાબાઈ ટોકરશી લાલકા
માતુશ્રી નિર્મલાબેન નરેશભાઈ લાલકા
શ્રીમતી હર્ષાબેન દીપકભાઈ નાગડા

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદનો સુવર્ણ વર્ષ સન્માનોત્સવ ભવ્યતાથી સંપન્ન : અમદાવાદમાં વિવિધ લક્ષી કેડીઓ ભવન ઉભારવાનું બીજ રોપાયું









## ચૈત્રી બીજ ભક્તિ સંધ્યાના લાભાર્થી પરિવાર

શ્રી ભલારા દાદા સમૂહ આરતી તેમજ પાઠ ના લાભાર્થી
માતુશ્રી દમયંતીબેન ખીમચંદભાઈ ધરમશી તથા નીયાણી પરિવાર
માતુશ્રી દેવકુંવરબેન માણેકજી દંડ પરિવાર

---

શ્રી રામાપીર (ધણીબાવા)પાઠ ના લાભાર્થી
માતુશ્રી લતાબેન કિશોરભાઈ લાલકા
માતુશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત લોડાયા પરિવાર

---

શ્રી મહાકાળી માતાજીની મહાઆરતી અને પ્રસાદ ના લાભાર્થી
માતુશ્રી નલીનીબેન કિશોરભાઈ લાલકા
શ્રીમતી લક્ષ્મીબેન મહેશકુમાર ખત્રી પરિવાર



॥ શ્રી આદિનાથાય નમઃ ॥

# શ્રી મંજલ રેલડીયા અચલગચ્છ જૈન સંઘ

## મારા ગામમાં મારું ઘર....આવાસ યોજના

- આપણા ગામમાં ઉપરોક્ત આપણા સંઘના નેજા હેઠળ આવાસ યોજનાનું સ્વપન સાકાર થઈ રહ્યું છે. આપણ સંઘના અતિથિ ભવન અને ભોજનશાળાના બાજુના શ્રી સોમચંદ વિશનજી ધરમશીના દાનમાં આવેલ પ્લોટમાં ઉપરોક્ત આવાસ યોજના સાકાર થશે.
- જેની રૂપરેખા થોડા સમયમાં ખબર પત્રિકા તથા પ્રકાશ સમિક્ષા દ્વારા આપવામાં આવશે.

**આવાસ યોજનાની આછેરી ઝલક :**

- **૧ રૂમ કીચન ૩૫૦ ફુટ અને ૧ બેડ-હોલ-કીચન ૪૭૪ ફુટનો રહેશે.**

ઉપરોક્ત યોજનામાં રસ ધરાવનાર ગામવાસીએ વધુ માહિતી માટે પ્રમુખશ્રી લક્ષ્મીચંદ પાસુભાઈ ગોસર મો. ૯૮૨૦૩ ૫૨૩૯૧ તથા ઉપપ્રમુખ શ્રી પ્રફુલ ધનજી લોડાયા મો. ૯૯૨૦૫ ૬૦૦૩૨ ઉપર સંપર્ક કરવો.

## વાર્ષિક સભા

- શ્રી મંજલ રેલડીયા અચલગચ્છ જૈન સંઘના આજીવન સભ્યોની વાર્ષિક સામાન્ય સભા **રવિવાર, તા. ૨૨-૫-૨૦૨૨ ના બપોરે ૩.૩૦ કલાકે શ્રી અચલગચ્છ જૈન સંઘ મુલુંડ (પૂર્વ), આયંબીલ શાળા, દેસાઈવાડી, ૧ લો માળે, ગોખલે રોડ, ગણેશ ટોકીઝની બાજુમાં, મુલુંડ (પૂર્વ), મુંબઈ – ૮૧** મધ્યે નિમ્ન કાર્યવાહી માટે રાખેલ છે.
- ગત સભાની કાર્યવાહીનું વાંચન અને બહાલી.
- ચૂંટણીની પ્રક્રિયા બાબત ચર્ચા.
- નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ તથા ૨૦૨૦-૨૧ ના અન્વેષિત હિસાબોની રજુઆત અને બહાલી.
- નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે ઓડીટરની નિમણુંક અને મહેનતાણુ નક્કી કરવા બાબત.
- પ્રમુખ સ્થાનેથી રજુઆત થાય તે.
- તા.ક. વર્ષ ૨૦૧૯-૨૦ તથા ૨૦૨૦-૨૧ ના અન્વેષિત હિસાબ શનિવાર, તા. ૨૧-૫-૨૦૨૨ ના સવારે ૧૦ થી ૧૨ દરમ્યાન રમેશ હીરજી લોડાયા, ૬૦૩, પાર્વતી નિવાસ સોસાયટી, જી.વી.સ્કીમ – ૪, મુલુંડ (ઈ), મું. ૮૧. સ્થળે રાખવામાં આવશે.
- કોરમના અભાવે મુલત્વી સભા અડધા કલાક બાદ તે જ સ્થળે બોલાવવામાં આવશે. જેમાં થયેલ કાર્યવાહી કાયદેસર ગણાશે.

## ટ્રસ્ટ બોર્ડની ચુંટણી અંગે કાર્યક્રમ

શ્રી મંજલ રેલડીયા અચલગચ્છ જૈન સંઘના વર્ષ ૧-૪-૨૨ થી તા. ૩૧-૩-૨૫ સુધીના કાર્યકાળ માટે **શ્રી ક.વિ.ઓ. સમાજના ૫ (પાંચ) અને શ્રી ક.દ.ઓ. સમાજના ૫ (પાંચ) ટ્રસ્ટીઓ** ચૂંટવા માટે ચુંટણી અંગેનો સવિસ્તર કાર્યક્રમ શ્રી સંઘના સભ્યોની જાણ માટે

- જે કોઈ તા. ૩૧-૩-૨૦૨૨ સુધીમાં સંઘનાં રજીસ્ટરમાં નોંધાયેલ સભ્ય હશે તે ઉમેદવારી તથા ચુંટણીમાં મતદાન કરી શકશે.
- ઉમેદવારી પત્રકનું વિતરણ સ્થળ તા. ૧૮-૪-૨૦૨૨ થી ૨૫-૪-૨૦૨૨ સુધી રમેશ હીરજી લોડાયા, ૬૦૩, પાર્વતી નિવાસ સોસાયટી, જી.વી.સ્કીમ - ૪, મુલુંડ (ઈ), મું. ૮૧. (સવારના ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ સુધી)
- ઉમેદવારી પત્રક સંપૂર્ણ ભરીને ચૂંટણી અધિકારીને સોંપવાની તા. ૨૭-૪-૨૦૨૨ ના સાંજે ૫.૦૦ સુધી ચુંટણી અધિકારીના કાર્યાલય ખાતે આપવાનું રહેશે.
- ચકાસણી અને પ્રથમ યાદી - તા. ૩૦-૪-૨૦૨૨ ના સાંજે ૫.૦૦ સુધી સંઘના કાર્યાલયે.
- ઉમેદવારી પત્રક પાછું ખેંચવાની અંતિમ તા. ૪-૫-૨૦૨૨ ના સાંજના ૫ કલાકે ચૂંટણી અધિકારીને લેખિત અરજી દ્વારા સોંપવાનો રહેશે
- ચૂંટણી મતદાન-સ્થળ-સમય : રવિવાર, તા. ૨૨-૫-૨૦૨૨ ના બપોરે ૨.૩૦ થી ૪.૦૦ કલાકે શ્રી અચલગચ્છ જૈન સંઘ દેસાઈવાડી, ૧ લે માળે, ગોખલે રોડ, ગણેશ ટોકીઝની બાજુમાં, મુલુંડ (પૂર્વ)- ૪૦૦૦૮૧.

**લિ. રમેશ ખીમજી ગોસર (મંત્રી) – ૭૦૨૧૮ ૧૪૦૫૨**

# મોતા પરિવારની કુળદેવી મા અંબાઈમાની સમૂહ પહેડી યોજાઈ



ક.દ.ઓ.મોતા પરિવારના કુળદેવી મા અંબાઈમાની ૨૩મી સમૂહ પહેડી શનિવાર તા.૨-૪-૨૦૨૨ના જૈનમ હોલ, એલ.બી.એસ.માર્ગ, ભાંડુપ (વે) ખાતે હર્ષોઉલ્લાસ સાથે મનાવવામાં આવી હતી.

સવારના ૬.૩૦ કલાકે લાભાર્થી પરિવાર મા.રતનબાઈ ત્રિકમજી મોતા પરિવાર, સુથરી-મુલુંડે માતાજીની સ્થાપના અને પૂજા અર્પણ સાથે શરૂ કરાઈ હતી. બે વર્ષ કોરોનાને કારણે માતાજીની પહેડીનું આયોજન ન થવાથી આ વર્ષે ભાવિકોમાં અત્યંત ઉલ્લાસ હતો અને મોટી સંખ્યામાં સૌ પહોંચ્યા હતા. બહારગામથી પણ ભાવિકો માતાજીની અર્ચના આરાધના અને સમૂહ ધ્યાનમાં જોડાયા હતા.



# મોતા પરિવારની કુળદેવી મા અંબાઈમાની સમૂહ પહેડી યોજાઈ



શ્રી ક.દ.ઓ.મોતા પરિવાર અંબામાં ટ્રસ્ટ, તેરાના ટ્રસ્ટીઓનું ચયન પણ વાર્ષિક સામાન્ય સભામાં કરવામાં આવ્યું હતું. જ્ઞાતિના અગ્રગણ્ય શ્રેષ્ઠીઓ અને વાવાલાપરા ના ગામોના મહાજનોના પ્રતિનિધિઓ પધાર્યા હતા. શ્રી મુંબઈ મહાજન અને અનંતનાથ ટ્રસ્ટની નવી ટીમનું પરિવારના વડીલોઓ સન્માન કરેલ. સમસ્ત મહાજનના નવા નિમાયેલ મેનેજિંગ ટ્રસ્ટી શ્રી પ્રવિણ લોડાયાનું સન્માન કરાયું હતું.



# મોતા પરિવારની કુળદેવી મા અંબાઈમાની સમૂહ પહેડી યોજાઈ





છેલ્લા ત્રણ વર્ષમાં પરિવારના યુવાઓએ પરીક્ષામાં મેળવેલ. અનન્ય સફળતા બદલ કુલ ૩૫ યુવાઓને સરસ્વતી સન્માન દ્વારા સન્માનવવામાં આવ્યા હતા અને મોમેન્ટો, સર્ટિફિકેટ તેમજ રોકડ ઈનામો આપીને ઉત્તેજન આપવામાં આવ્યું હતું.







# મોતા પરિવારની કુળદેવી મા અંબાઈમાની સમૂહ પહેડી યોજાઈ



લાભાર્થી પરિવારે ચેતન હરીયાની સંગીત પાર્ટીને સથવારે માતાજીને થાળ ધરાવ્યો હતા. પરંપરાગત જુહારની વિધિથી માતાજીને પૂજ્યા હતા. અને 'જ્યોં જ્યોં મા જગદંબે' આરતી દ્વારા વાતાવરણને માતામય બનાવી દીધું હતું. સૌએ માતાજીની ભક્તિમાં લીન થઈને માતાજીના આશિર્વાદ મેળવ્યા હતા.

લાભાર્થી પરિવારનું અભિવાદન સાથે સૌએ ભાવિકો સંગીત પાર્ટીના તાલે ગરબા રાસમાં તલ્લીન થઈને આનંદ વ્યક્ત કર્યો હતો. સાધર્મિક ભક્તિનો લાભ લઈ સૌ માતાજીને પગે લાગી છુટા પડ્યા હતા.





# લગ્નસંબંધી



શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની સગપણ સેતુ વિભાગને પ્રોત્સાહન આપવા માટે તથા જ્ઞાતિના લગ્નોત્સુક યુવક-યુવતીઓને યોગ્ય પાત્ર મળી રહે એ ઉદ્દેશથી આ કોલમ શરૂ કરેલ છે. જે આપને યોગ્ય નિર્ણય લેવા માટે મદદરૂપ થશે. અગર જો આપની ઈચ્છા હોય તો નીચે આપેલા ફોર્મ ભરવાની કૃપા કરશો. જે અમે યોગ્ય સમય નિઃશુલ્ક પ્રકાશિત કરશું.

**વધુ વિગત માટે સંપર્ક :**
**અલકા ભેદા-૯૮૨૧૧૭૯૭૯૬, જીનાલી લોડાયા-૯૮૯૨૧૮૯૦૮૫,**
**મનીષા લાલકા-૯૮૨૦૫૪૫૭૩૪.**




**Name : Dharamshi Bhupesh Shantilal**



**Vastipatrk No.: GODH0400103**

**Date of Birth : 27th Nov. 1992**

**Birth Time : 11:57 am**

**Height : 5'.10'**

**Weight : 95 KGS**

**Manglik : No**

**Present Stay : Nizamabad**

**Birth Place : Hyderabad**

**Maternal Status : Unmarried**

**Qualification : Post graduate**

**Native Place : Gorakhadi**

**Occupation : Unit manager**

**Blood Group : A+ve**

**E-Mail : Bhupesh570@gmail.com**

**Contact : 9959192399**

**Parent's Contact : 9848043957**

**Gyatimaiya KDO Mahajan Code No. SM B/8**

**Name : Dharamsi Leena Shubhash**



**Vastipatrk No.: 500202**

**Date of Birth : 25th March 1985**

**Birth Time : 06:45 am**

**Height : 4'.5'**

**Weight : 38 KGS**

**Manglik : Yes**

**Present Stay : Pachora (District Jalgaon)**

**Birth Place : Pachora**

**Maternal Status : Divorce, 1 child (13 Year) Girl.**

**Qualification : 10th Pass**

**Native Place : Sutri**

**Occupation : Hospital Job Receptionist**

**Blood Group : O+ve**

**E-Mail : shahsleena34@gmail.com**

**Contact : 7262882480**

**Parent's Contact : 9823599377**

**Gyatimaiya KDO Mahajan Code No. SM G/6**

નોંધ : જે પાત્રો સગપણ સંબંધે જોડાય તેઓ અમને જાણ કરે જેથી અમે અમારા રેકોર્ડમાં સુધારો કરી શકીએ.

# દિવ્યાંગ મહાપાલક બનનાર દાતાની ઉદારદિલીને શત શત નમન




ઉદારતા એ માનવ ધર્મનો આદર્શ છે. દિલમાં દયા, કરૂણા અને સેવાની ભાવના માનવ જન્મને સાર્થક કરે છે. નાના નબળા કુદરતની ઓછી કૃપા મેળવનાર અંગ દોષથી લાચાર, પરવશ માનવ જીવોના હામી બનનાર તેમને અનુકંપા ભર્યા આશીષ આપનાર એવા એક અજ્ઞાત જ્ઞાતિજન હસ્તે શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદ સતત ૨૦૨૦થી ૨૦૨૪ સુધી પ્રત્યેક વર્ષે રૂા.૧ લાખની ઉદાર રકમ આપવા વચન આપ્યું છે. તે પ્રમાણે આ વર્ષે સતત ત્રીજા વર્ષે રૂા.૧ લાખનું અનુદાન આપી માનવ સેવાનું ઉતંગ શિખર સર કર્યું છે. દાતાશ્રીની લાખેણી અનુમોદના સાથે શત શત નમન.

# સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટીઓ અને સેક્રેટરી જનરલ દ્વારા અમદાવાદમાં વૈચારિક મિટિંગ થઈ



શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદનો સુવર્ણ જયંતિ મહોત્સવ તા.૩ એપ્રિલ રવિવારના ભવ્ય રીતે આયોજિત કરાયો હતો. આ પ્રસંગે મહાજનના આમંત્રણને માન આપી કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનના મેનેજીંગ ટ્રસ્ટીઓ શ્રી પ્રવીણ હંસરાજ લોડાયા, શ્રી કીર્તિ ધનજી ધરમશી, શ્રી ચંદ્રેશ વીરચંદ છેડા અને સેક્રેટરી જનરલ શ્રી નિશિથ આણંદ દંડ મોકાનો લાભ લઈ એક વૈચારિક મિટિંગ કરી. આ મિટિંગમાં સમસ્ત મહાજનને લગતા મહત્વના મુદ્દાઓ ઉપર સકારાત્મક ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

આ માહિતી સંદેશ મહાસમિતિના સર્વે સભ્યો જોગ જાણકારી માટે સેક્રેટરી જનરલ નિશીથ દંડએ આપી હતી.

# તિરૂપુરમાં શ્રી મહાવીર સ્વામી ભગવાન અને શ્રી નેમિનાથ સ્વામી ભગવાનની મૂર્તિઓની ભવ્યતાથી પધરામણી થઈ







દક્ષિણ ભારતના તિરૂપુર નગરમાં તા.૮ એપ્રિલ શુક્રવાર દિને ભગવાન શ્રી મહાવીર સ્વામી અને ભગવાનશ્રી નેમિનાથ સ્વામીની અદ્‌ભૂત અને ભવ્ય, નયન રમ્ય મૂર્તિઓની પધરામણી થઈ. સંઘના શ્રાવક શ્રાવિકાઓના ઉત્સાહભેર હાજરી સાથે આનંદ મંગળના માહોલમાં તા.૧૦ એપ્રિલ રવિવારના શુભ દિને મૂર્તિઓની પ્રતિષ્ઠા ધર્મ ભાવ સાથે કરાશે.

# સાંતાક્રુઝ (વેસ્ટ) સંઘમાં ચૈત્ર માસની આયંબિલ ઓળીની આરાધના

શ્રી સાંતાક્રુઝ (વેસ્ટ) અચલગચ્છ જૈન સંઘમાં ચૈત્રમાસની આયંબિલ ઓળીની આરાધના અચલગચ્છાધિપતિના આજ્ઞાવર્તિની શ્રમણી ગણ મુખ્યા પ.પૂ.સાધ્વીશ્રી નિરંજનાશ્રીજી મ.સા.ના શિષ્યા પ્રવર્તિની પ.પૂ.સા.શ્રી અરૂણોદયશ્રીજી મ.સા. સદ્‌ગુરૂ દેવના શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી હિરણ્યગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી યશોગુણાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વીશ્રી ભાવગુણાશ્રીજી મ.સા. આદિ પૂજ્યોના નિશ્રામાં તા.૮ એપ્રિલ શુક્રવારથી તા.૧૬ એપ્રિલ શનિવાર સુધી થશે.

ઓળી દરમ્યાન દરરોજ શ્રીપાલ મયાણા રાસ આધારિત તાત્વિક સાત્વિક પ્રવચનો સવારે ૯.૧૫ થી ૧૦.૧૫ દરમ્યાન, વ્યાખ્યાન બાદ સિધ્ધ ચક્રયંત્રની આરાધના સમૂહમાં કરાવવામાં આવશે. ઓળીના લાભાર્થી માતુશ્રી કાંતાબેન/સાકરબેન રામજી કુંવરજી છેડા મોટા લાયજા. આયંબિલ ઓળી તથા છુટક આયંબિલમાં જોડાવવા ઈચ્છિત તપસ્વીઓએ પોતાના નામો ઓફિસમાં લખાવી લેવા. સંઘ કાર્યાલય ફોન નં.૭૭૧૮૯૩૩૧૯૯

# પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ના ૨૧મા વર્ષીતપ પારણું બાડમેર નગરે



અજોડ શાસન પ્રભાવક, સૂરિમંત્ર પંચ પ્રસ્થાન સાધક પ.પૂ. આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ના ૨૧મા વર્ષી તપનું પારણું બાડમેર નગરે થાય એવી આગ્રહ ભરી વિનંતી જૈન સાધર્મિક વર્ષીતપ સમિતિ બાડમેર એ સાહેબજીને કરી તે વિનંતીનો પૂજ્ય સાહેબ સ્વીકાર કરી બાડમેર નગરે વર્ષી તપનું પારણું કરશે.

આ પ્રસંગે ત્રિહ્નિકા મહોત્સવનો આયોજન થશે. પાવનકારી નિશ્રા અવંતી તીર્થોધ્ધારક ખરતર ગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી જિનમણિ પ્રભસાગરજી મ.સા. આદિ ઠાણા મ.સા., સૂરિમંત્ર પંચ પ્રસ્થાનસાધક અજોડ શાસન પ્રભાવક પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ ઠાણા સાહેબજી સાથે સામુદાયિક ૪૦થી અધિક તપસ્વીઓના વર્ષીતપના પારણા બાડમેર નગરે થશે.

# ગુરૂદેવ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ની માટુંગા ૧૭ એપ્રિલ સુધી સ્થિરતા

ધ્યાન યોગી ગુરૂદેવ પ.પૂ.ગણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. આદિઠાણા તા.૮ એપ્રિલ શુક્રવારથી તા.૧૭ એપ્રિલ રવિવાર સુધી ૧૦ દિવસ શ્રી માટુંગા સહસ્ત્ર ફણા પાર્શ્વનાથ જિનાલયમાં બિરાજમાન રહેશે. પ્રતિદિન સવારે ૯.૩૦ થી ૧૦.૩૦ પ્રવચન, ૧૦.૩૦ થી ૧૧.૩૦ સિધ્ધચક્રની રોજ આરાધના.

પદવી પ્રદાન બાદ સર્વ પ્રથમ વાર માટુંગા નગરે પધારેલ ગુરૂદેવના દર્શન, વંદન અને ધર્મજ્ઞાન વાણીનો લાભ માટુંગા તથા આજુબાજુના પરિસરના લોકો લે એ વિનંતી.

# પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ના કોટડા રોહા નગરે ચાતુર્માસ પ્રવેશ ૧૩ જુલાઈના દિને થશે



અજોડ શાસન પ્રભાવક ૨૧મા વર્ષીતપના તપોનિધિ, સૂરિમંત્ર, પંચ પ્રસ્થાનક સાધક પ.પૂ. આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા આદિઠાણા ૨નું ચાતુર્માસ કોટડા રોહા નગરે શ્રી શાંતિનાથ દાદાના દરબારે નક્કી થયો છે. સાહેબજીનું ચાતુર્માસ પ્રવેશ ૧૩ જુલાઈ બુધવાર અષાઢી પૂનમના દિને નિર્ધારિત થયેલ છે. યોગાનુયોગ ગુરૂ પૂર્ણિમા તા.૧૩ જુલાઈના દિને સાહેબજીનો ૬૬મો જન્મદિવસ પણ છે. ગુરૂભગવંતના આશીર્વાદ પ્રાપ્ત કરવાનો સુવર્ણ અવસર ચાતુર્માસ પ્રવેશ સંગે જન્મોત્સને માણવાનો અદ્‌ભૂત પ્રસંગ છે. તો તા.૧૩ જુલાઈએ કોટડા રોહા નગરે ભાવિકો, ગુરૂભક્તો બહોળી સંખ્યામાં પધારજો.

# યવતમાલ સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણાને ચાતુર્માસ માટે આજ્ઞા કરાઈ

શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ યવતમાલમાં પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિઠાણા ૪ને ચાતુર્માસ માટેની આજ્ઞા અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.એ પ્રદાન કરી છે. યવતમાલ સંઘમાં શ્રી સુમતિનાથ જિનાલય, કેસરીયા ભવનમાં ચાતુર્માસની વિવિધ ધર્મ, તપ આરાધનાઓ ભવ્યતાથી થશે.

## દક્ષિણ ભારત કેડીઓ જૈન એકમની ૯૦મી વર્કીંગ કમિટી મિટીંગ અને ૩૭મી એજીએમ યોજાઈ

દક્ષિણ ભારત કેડીઓ જૈન એકમની વર્કીંગ કમિટીની ૯૦મી મિટીંગ અને ૩૭મી એન્યુઅલ જનરલ મિટીંગ કચ્છી ભવન, જેપી નગર, બેંગલુરમાં યોજાઈ.

સૌ પ્રથમ નવકાર મંત્ર પઠન કરાયું. ત્યારબાદ પ્રેસિડન્ટ પૂનમચંદ ધરમશીએ સૌને આવકાર પ્રવચન આપ્યું. તેઓ સંક્ષિપ્તમાં એકમની કાર્યવાહીનો અહેવાલ આપી સાથ અને સહયોગ આપવા બદલ કમિટી અને મેમ્બરનો આભાર માન્યો. મિતેશ લોડાયાએ ૩૬મી એજીએમના મિનીટસનું વાંચન કર્યું. જે સૌ મેમ્બરોએ મંજૂર કરી બહાલી આપી. સેક્રેટરી સતીશ શાહએ ગત વર્ષના કાર્યોનો અહેવાલ આપ્યો હતો. સ્ટર્લિંગ કીએ નવા ભાડૂત તરીકે કચ્છી ભવનના રૂમ લિઝ ઉપર દસ વર્ષ સુધી લેવાના કરાર ખત ઉપર સહી કરી હોવાનું જણાવ્યું હતું. આમાંના કેટલાક રૂમ્સ રીનોવેટેડ કરી તૈયાર થઈ ગયા છે તો કેટલાક રૂમોનું રીનોવેશન કાર્ય પ્રગતિ પર છે. સત્યમંગલમ જમીનના વેચાણ માટેની માહિતી સભ્યોને અપાઈ હતી. ઓડિટ થયેલ હિસાબી ચોપડા, એકાઉન્ટની માહિતી ખજાનચી કીર્તિ ધરમશીએ આપી હતી. જેને સભ્યોએ મંજૂરી આપી હતી. આભાર દર્શન સતિષ લાઠીયાએ કરી હતી. મિટીંગ બાદ લંચને ન્યાય આપી સૌ છૂટા પડ્યા હતા.

---

## ચર્તુવિધ શ્રી સંઘ માટે હ્રીંકારમય આયંબિલ તપ મહાકુભમાં સહભાગી થવા ઈજન




પ.પૂ.મુનિરાજ શ્રી હ્રીંકારસાગરજી મ.સા.ની સ્મૃતિમાં ૪૦ આયંબિલ + ૧ ઉપવાસ યુક્ત એક વર્ષીય આયંબિલ તપ અભિયાન જોડાઈને તપરથના આસ્થાને સત્વશીલ સાહસને મોટી ઉંમરે છેલ્લે સુધી અણનમ રહેલ સમતાધારી યોધ્ધાને, ઘર ઘરમાં આયંબિલ નાદ જગાવનારને હૃદયપૂર્વક ભાવાંજલિ, પુષ્પાંજલિ આપીએ.

આ તપમાં જોડાનાર તપસ્વીઓએ http://bit.ly/amambiltap લીંકમાં જઈ ગૂગલ ફોર્મ ભરવું અથવા પુરૂનામ, એડ્રેસ મો.નં.૮૬૮૯૯૫૮૭૫૦ ઉપર વોટસએપ કરવો.

આયંબિલ દિવસે અરિહંતની ક્રિયામાં ૧૨ લોગસ્સ, ૧૨ સાથિયા, ૧૨ ખમાસમણ આપવા ૐ હ્રીં અર્હ નમઃની ૨૫ માળા ગણવી દર મહિને તિથિએ માત્ર ૪ આયંબિલ કરવાના રહેશે. સંજોગોનુસાર આગળ પાછળ કરી શકાશે.

મુંબઈ-કચ્છ દરેક પૂજ્યો પાસે તપયજ્ઞના કાર્ડ પહોંચી ગયા છે. એમની પાસેથી કાર્ડ મેળવી લેવા. કાર્ડ ન પહોંચ્યા હોય તો મુકેશભાઈનો ૯૫૯૪૩૩૨૫૨૫ ઉપર સંપર્ક કરવો.

---

## શ્રી સાંતાક્રુઝ સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી નયનદર્શનાશ્રીજી મ.સા.ને ચાર્તુમાસ આજ્ઞા આશિષ મળી

માંડવી-કચ્છથી અચલગચ્છાધિપતિ આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.એ શ્રી સાંતાક્રુઝ વેસ્ટ સંઘમાં ચાતુર્માસ કરવા પ.પૂ.સાધ્વીશ્રી નયનદર્શનાશ્રીજી મ.સા.આદિ ઠાણા ૩ને આજ્ઞાશિષ પત્ર આપ્યો છે.

---

## સાંધવે નગરે શ્રી શાંતિનાથ દાદાના દરબારે ચૈત્રી માસની શાશ્વતી આયંબિલ ઓળીની સામૂહિક આરાધના પ્રસંગે ત્રિહાન્હિકા મહોત્સવ

અચલગચ્છાધિપતિના આજ્ઞાવર્તી પ.પૂ.મુનિરાજ શ્રી કંચનસાગરજી મ.સા. અને પ.પૂ.સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા. સાંધવના દીકરી પ.પૂ.સાધ્વીશ્રી હીરગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા તથા સાધુ સાધ્વીજી ભગવંતોની નિશ્રામાં ચૈત્રી માસની શાશ્વતી આયંબિલ ઓળીની સામૂહિક આરાધના અવસરે ત્રિહાન્હિકા મહોત્સવ તા.૧૪ એપ્રિલ ગુરૂવારથી તા.૧૬ એપ્રિલ શનિવાર સુધી અબડાસા પંથકના સાંધવનગર તીર્થે શ્રી શાંતિનાથ દાદાના દરબારે આયોજન કરાયું છે. અતરવાયણા તા.૭ એપ્રિલ ઓળી પ્રારંભ તા.૮ એપ્રિલ શુક્રવાર, ઓળી પૂણાહુતિ તા.૧૬ એપ્રિલ શનિવાર અને પાવન પારણા તા.૧૭ એપ્રિલ રવિવારના થશે. તા.૧૪ એપ્રિલના બપોરે ૧.૩૦ કલાકે દેવ દૈવી મહાપૂજન તા.૧૫ એપ્રિલ સવારે ૮.૩૦ કલાકે ભોમિયાજી પૂજન, તા.૧૬ એપ્રિલ શનિવાર દિને સવારે ૮ કલાકે શ્રી ૧૦૮ ખમાસમણા સહ સિધ્ધાચલ ભાવયાત્રા સંપૂર્ણ ઓળીના લાભાર્થી પરિવાર માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા પરિવાર સાંધવ-મુલુંડ વિધિકાર કેવલ સાવલા સંગીતકાર મનોજ કારાણી ખારૂઆ.

# સરકારી નોકરીની ડ્યૂટી સાથોસાથ ધર્મ તપનું પાલન કરતાં વડોદરાના ડીસીપી પન્નાબેન મોમાયા



ગુજરાત પ્રદેશના વડોદરા શહેરમાં ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ ડીસીપી ઝોન ૧નો ચાર્જ લઈ સાતમી આયંબિલની ઓળીનો પ્રથમ આયંબિલની ઓળી તપ કર્યું. સરકારી નોકરીની ફરજ નિભાવતાની સાથોસાથ ધર્મ તપના પાલન માટે સજાગતા રાખનાર જૈન શાસન અને કચ્છી જૈન સમાજનું ગૌરવ નારી રત્ન માનનીય પન્નાબેન મોમાયાના આયંબિલ ઓળીના તપ સુખશાતા રહે એ શુભકામના.

## ચાલીસગામ સંઘમાં કાયમી આયંબિલ આરાધનામાં લાભાર્થી દાતા જોડાઈ રહ્યા છે

શ્રી ક.દ.ઓ.જૈન શ્વેતાંબર દેરાસર ટ્રસ્ટ ચાલીસગામ ખાનદેશ રત્ના ચાલીસગામ તીર્થોધ્ધારિકા પ.પૂ.સાધ્વી શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી હિંમાશુશ્રીજી મ.સા.ની પ્રેરણાથી કાયમી આયંબિલ આરાધના શરૂ છે. રૂા.૫૦૦/-નો ફાળો નોંધાવી. આયંબિલ દાતા પરિવારમાં જોડાનાર ૧) ભવાનજી શિવજી લોડાયા, કોઠારા-ચાલીસગામ ૨) ઝવેરચંદભાઈ વેલજી મોમાયા, સાંયરા-ચાલીસગામ ૩) સૌ.શોભના હરીશભાઈ લોડાયા, વારાપધ્ધર-ચાલીસગામ અને ૪) સ્વ.અ.સૌ.સરલાબેન ગુલાબભાઈ નાગડા, જખૌ-પારોલા. સંપર્ક : હેમંતકુમાર ગુલાબભાઈ નાગડા-૭૭૫૭૦૦૮૦૮૨

## કચ્છ કોઠારા સંઘના ચાતુર્માસ માટે પ.પૂ.જગતગ્યાશ્રીજી મ.સા.ને આજ્ઞા પ્રદાન કરાઈ

કચ્છ પ્રદેશના અબડાસા પ્રાંતના ઐતિહાસિક ધર્મ તીર્થ કોઠારા સંઘમાં ચાતુર્માસ માટે પ.પૂ.શ્રી જગતગ્યાશ્રીજી મ.સા. આદિ ઠાણાને અચલગચ્છાધિપતિશ્રીએ આજ્ઞા પ્રદાન કરેલ છે. આ આજ્ઞા આશિષ પત્રના ખબર જાણી સંઘના શ્રાવક શ્રાવિકોઓમાં હરખની હેલી ઉમટી હતી.

## તેરા તીર્થ આંગણે ચાતુર્માસ માટે પ.પૂ.સાધ્વીશ્રી જયધર્માશ્રીજી મ.સા.ને આજ્ઞા પ્રદાન કરાઈ

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન ટ્રસ્ટ તેરા તીર્થના આંગણે ચાતુર્માસ માટે પ.પ.સાધ્વીશ્રી જય ધર્માશ્રીજી મ.સા.ને અચલગચ્છાધિપતિ તરફથી આજ્ઞાશિષ પ્રદાન કરાઈ છે.

## પ.પૂ.સાધ્વીશ્રી વિપુલગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ગિરનાર મહાતીર્થમાં બિરાજમાન છે

પ.પૂ.સાધ્વીશ્રી વિપુલગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ગિરનાર મહાતીર્થમાં બિરાજમાન છે. અત્રે બાલિકાઓની ૯૯ યાત્રાની તૈયારીઓ પૂરજોશમાં ચાલુ છે. પૂજ્યશ્રી માટે નીચેના નંબરે મેસેજ આપી શકાશે. રાજેશભાઈ-૯૮૯૦૨૦૭૦૧૦ તથા ૯૩૨૦૯૦૧૪૫૩

## ખંડવા સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી જય દર્શિતાશ્રીજી મ.સા.ને ચાતુર્માસ માટે આજ્ઞા પ્રદાન કરાઈ

અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.એ મધ્યપ્રદેશ પ્રાંતના ખંડવા નગર સંઘમાં પ.પૂ. સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨ને ચાતુર્માસ કરવા માટે આજ્ઞાશિષ પત્ર પ્રદાન અપાવ્યું.

## પ.પૂ.ગણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.નું ચાતુર્માસ દક્ષિણ મુંબઈ સંઘમાં નિર્ધારિત

પ.પૂ.ગણિવર્યશ્રી ઉદયરત્નસાગરજી મ.સા. અને યુવા મુનિ શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા. આદિ ઠાણા ૨ નું ચાતુર્માસ શ્રી દક્ષિણ મુંબઈ અચલગચ્છ જૈન સંઘમાં નિર્ધારિત થયેલ છે.

અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. એ તા.૩૦ માર્ચ બુધવારના માંડવી-કચ્છ સંઘમાં ચાતુર્માસ માટે આજ્ઞા શિષ પત્ર આપેલ છે.




● ભુજમાં આગામી સત્રથી વેટરનરી કોલેજની શરૂઆત કરી શકાય તે માટે અત્યારથી જ કામે લાગી જવા વિધાન સભા અધ્યક્ષા ડૉ.નીમાબેન આચાર્ય કામધેનુ યુનિવર્સિટીના કુલપતિ ડૉ.નરેશ કેળાવાળાને જણાવ્યું હતું. ભુજમાં સ્થળ પસંદગીની ચર્ચા કચ્છ કલેક્ટર તથા નિષ્ણાત ડોક્ટરો સાથે કામધેનુ યુનિ. કુલપતિ, નાયબ પશુપાલન નિયામક વિગેરે સાથે રહીને કરી હતી.

● આઝાદીના ૭૫મા વર્ષે ગુજરાતના સ્વાતંત્ર્ય સેનાનીઓના જીવનને ઉજાગર કરવા અને નવયુવાનોને તેમાંથી પ્રેરણા મેળવે તે માટે તેમના જીવનની વાતોને એક મંચ પર સંચય કરવાના ઉદ્દેશથી સ્ટુડન્ટ ફોર હોલિસ્ટિક ડેવલપમેન્ટ ઓફ હ્યુમિનિટી (શોધ-Shodh) ગુજરાત દ્વારા કચ્છ યુનિવર્સિટી સહિત રાજ્યની સાત યુનિવર્સિટીઓએ સાથે મળીને સાત દિવસીય ઈન્ટર્નશિપનું આયોજન કર્યું હતું. જમાં જોડાઈને જિલ્લાના સદ્‌ગત ૧૯ સ્વાતંત્ર્યવીરોના ઘરે જઈને તેમના પરિવારજનો પાસેથી તેમની જીવન કથા, પ્રેરણાત્મક વાતો, અલભ્ય તસવીરોની નોંધ મેળવી હતી. આ બધા સંકલન સાથે કચ્છ યુનિવર્સિટીમાં કચ્છના સ્વાતંત્ર્ય સેનાનીઓનું સ્મારક ઊભું થશે.

● ભુજના વાગડ સાત ચોવીસી જૈન સમાજના ૫૪ વર્ષીય રેખાબેન કીર્તિભાઈ વોરાનું નિધન થતા પરિવારે અંગદાન આપી પાંચ વ્યક્તિના જીવનમાં રોશની પાથરી હતી. શહેરના મહિલા સામાજિક કાર્યકર, લાયન્સ કિવન્સના સ્થાપક પ્રમુખ, લાયોનસ ક્લબ ભુજના પ્રમુખ, ઈન્નરવ્હીલ ક્લબના પ્રમુખ તરીકે રહેલ રેખાબેન વોરા જીવન સમયમાં અનેકને ચક્ષુદાન વગેરેની પ્રેરણા આપી હતી. બે આંખો, બે કિડની અને લિવર અન્યના શરીરમાં જીવંત રહી ધબકી રહ્યું છે. આમ મૃત્યુ બાદ પણ તેમણે લોકોને સેવા અને સમર્પણનો સંદેશો આપ્યો છે.

● લાપતા ગંજ સિરિયલમાં ચમેલીથી જાણીતી બનેલી કચ્છી અભિનેત્રી કાજલ નિષાદને સમાજવાદી પક્ષ એ ઉતર પ્રદેશના ગોરખપુર સંસદીય વિસ્તારન કેમ્પિરિયર ગંજ માટે ચૂંટણી લડવા ઉમેદવારી આપી છે. મૂળ ભચાઉના નરેગામમાં જન્મેલી કાજલ ઉત્તરપ્રદેશના રહેવાસી ભોજપુરી નિર્માતા નિર્દેશક સંજય નિષાદ સાથે લગ્ન કર્યા છે તેણે લાપતાગંજ ઈશ્ક કા રંગ સફેદ, તનુ વેડસ મનુ સહિતની સિરિયલોમાં અભિનય કરી લોકપ્રિયતા મેળવી છે. અગાઉ તેઓ કોંગ્રેસમાં જોડાયેલા હતા અને ૨૦૧૨માં ગોરખપુર ગ્રામીણ સીટ પરથી ચૂંટણી લડી હતી પણ સફળતા મેળવી ન હતી તે સમયે પ્રચાર દરમ્યાન તેમના પર હુમલો પણ થયો હતો.

● જિલ્લાના કૃષિક્ષેત્રના ઉત્સાહીત અને પ્રગતિશીલ ખેડૂતો કે જેઓ પોતાની આગવી કોઠાસૂઝ અને સાહસવૃત્તિથી ખેતીના વિકાસમાં નવીનતા લાવવા ઉત્પાદનમાં વધારો કરવા તેમજ નવીન તકનીકો રજૂ કરવા માટે કાર્ય કરે છે એવા કચ્છના છ શ્રેષ્ઠ ખેડૂતોને બેસ્ટ આત્મા ફોર્મ એવોર્ડ માટે પસંદ કરાયા છે. જે અંતર્ગત ૨ ખેડૂતો વિનોદભાઈ પટેલ નારણપર તા.ભુજ અને જગદીશ વિશ્રામભાઈ થરાવડા, તા.ભુજને રૂા.૫૦ હજારનો ચેક, મોમેન્ટો અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા. જ્યારે જિલ્લા કક્ષાએ પસંદ થયેલ મહેન્દ્ર સિંહ મહિપત સિંહ કાદિયા નાના તા.નખત્રાણાને રૂ.૨૫ હજારનો ચેક, મોમેન્ટો અને પ્રમાણપત્ર જ્યારે તાલુકા કક્ષા માટે પસંદ થયેલ. શામજી રવાભાઈ સથવાર ચામરડી તા.ભચાઉ, લાલજી કરશનભાઈ ચાવડા (ચોબારી) અને શંભુલાલ વેલજી ભાનુશાલી નુંધાતડ અબડાસાને રૂા.૧૦ હજારનો ચેક અને પ્રમાણપત્ર જિલ્લા વિકાસ અધિકારી ભવ્ય વર્મા દ્વારા અપાયા.


Sure Safety
Complete Safety Solutions
ONE STOP SAFETY SOLUTION PROVIDER
ALL INDIA DEALERS WANTED
Drive your growth with India's biggest PPE brand SAVIOUR
Freedom Helmet
Saviour Electric Arc Suit
Saviour Safety Harness
Saviour Foldable Ear Muffs
Di-electric Boots
Saviour Work-wear Cotton Coverall
Saviour Safety Glasses
Flash Lights
Saviour 'PRO' BA Set with Composite Cylinder
Saviour Chem Pro Gloves
N95 Mask
Saviour Lion Safety Shoes
We manufacture India's biggest & most trusted PPE brand SAVIOUR
Reliable | Transparent | Assured Guarantee
SAVIOUR
Performing PPE
Contact: + 91 8511495152 | sales@suresafety.com | www.suresafety.com


DON'T
Compromise!
Portability Benefits Available
"HEALTH INSURANCE"
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA